સુવિધા-સુરક્ષા વગરની ધાનેરા મિશ્ર શાળા નં. ૧ ની વરવી વાસ્તવિકતા

પૂર દરમિયાન શાળાની પ્રોટેક્શન દીવાલ અને શૌચાલય નાશ પામ્યા હતા પરંતુ તંત્ર એ આ શાળા સામે હજુ જોયું નથી

એક એવી પ્રાથમિક શાળા બતાવશું કે જ્યાં ધોરણ ૧ થી ૮ માં ૧૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. ભણાવ આવતા તમામ બાળકોને વિનવી પડે છે દારૂ ની ખાલી બોટલો આ શાળા માં સુરક્ષા અને સુવિધાનો ખુબજ અભાવ જોવા મળી રહ્યો છે. રાત પડે આ શાળા બની જાય દારૂડિયાઓનો અડ્ડો આ બાબતે શાળાના આચાર્ય એ પણ રજૂઆત પણ કરી છે છતાં પણ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે હવે વાલીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર ધ્વરા કાર્યવાહી કરવામાં નહિ આવે તો અમે અમારા બાળકો ભણવા નાહીએ મૂકીએ.. શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલમાં.

ધાનેરાની મિશ્ર શાળા નંબર ૧ કે જ્યાં ૧ થી ૮ ધોરણમાં ૧૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે અભ્યાસ અર્થે આવતા તમામ બાળકોને પહેલા તો દારૂની બોટલ વીણવી પડે છે અને તે બાદ જ તેમનો અભયાસ શરુ થાય છે. આ શાળાની વરવી વાસ્તવિકતાની વાત કરવામાં આવે તો ૨૦૧૭માં ભયાનક પૂર આવ્યું હતું અને પૂરમાં શાળાને મોટા પાયે નુકશાન થયું હતું અને શાળા ડેમેજ થઈ હતી શાળાની આજુબાજુની પ્રોટેક્શન દીવાલ પણ પૂરના પાણીમાં તણાઈ ગઈ હતી પૂર આવ્યાને આજે ૮ મહિના જેટલો સમય વીત્યો પણ આ સામે તંત્રએ હજુ સુધી જોયું પણ નથી. શાળા અત્યારે કોઈ જ સુરક્ષા ન હોવાના કારણે આ શાળા રાત પડે ત્યારે બની જાય છે દારૂનો અડ્ડો અને દારૂડિયાઓ આવી આ વિદ્યાના મંદિર માં દારૂ ની મહેફિલ માણે છે. જયારે સવારના બાળકો શાળાએ ભણવા માટે આવે ત્યારે રૂમ આગળ અને શાળાના કમ્પાઉન્ડમાં દારૂની બોટલ સિવાય કૈજ જોવા મળતું નથી. બાળકોએ આવી તમામ બોટલો વીણી સફાઈ કરે છે અને ત્યાર બાદ જ તેમનું ભણતર ચાલુ થાય છે ત્યારે

તમે પણ સાંભળો કે દેશના ભાવિ એવા બાળકો શું કહે છે.

દારૂડિયા તત્વો આ શાળામાં દારૂની મહેફિલ તો માણે છે પરંતુ શાળામાં લાગેલા સરસ્વતી વિવેકાનંદ ગાંધીજી તેમજ અન્ય મહાનુભાવોનો પોસ્ટરો સાથે ચેડાં કરે છે અને ખરાબ રીતે ચીતરે છે ત્યારે આ બાબતને લઈ દેશના ભાવિ એવા કુમળા બાળકો ઉપર ખરાબ અસર પડી રહી છે સમગ્ર બાબતે શાળાના આચાર્ય ધ્વરા ધાનેરા પોલીસ મથક સહીત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ છે છતાં પણ નઘરોળ તંત્ર કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરી રહ્યું છે.

આ શાળામાં શૌચાલયની પણ કોઈજ વ્યવસ્થા નથી બાળકો તેમજ વિદ્યાર્થીનીઓ ખુલ્લા માં જવું પડે છે સોચ ક્રિયા માટે ત્યારે આબાબતે વાલીઓ એ પણ ચીમકી ઉચ્ચારી છે કે સુવિધા અને

સુરક્ષા વગર ની શાળા માં બાળકો ને અભ્યાસ કરાવવો એના કરતા તો બાળકો ને ઘરે બેસાડી રાખવા સારા અને મીડિયા સાથે વાતચીત માં વાલીઓએ જણાવ્યું હતું કે જો તંત્ર તાત્કાલિક આ બાબતે પગલાં નહિ ભરે તો અમે અમારા બાળકો ને શાળાએ નહિ મૂકીએ

શાળા નંબર એક ની બાજુમાં ખાનગી શાળા આવેલી છે તે પણ પૂર માં ડેમેજ થઈ હતી અને તેની પણ પ્રોટેક્શન દીવાલ પુરમાં તણાઈ ગઈ હતી પરંતુ ટ્રસ્ટીઓ ધ્વરા ગણતરીના દિવસો માજ નવી દીવાલ બનાવી શાળા ની સુરક્ષા સાચવી લીધી. ત્યારે હવે ૧૨૦૦ જેટલા બાળકો ને સરકાર ના પાપે અભ્યાસ છોડવાનો વારો આવ્યો છે માટે શિક્ષણ ની મોટી મોટી વાતો કરતી ભાજપ સરકાર જાગે અને ૧૨૦૦ બાળકો નું શિક્ષણ બચાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

આ શાળા રાત પડે બની જાય છે દારૂડિયાઓનો અડ્ડો : શાળાએ ભણવા આવતા બાકળોને વિણવી પડે છે દારૂની બોટલો

શાળામાં સુવિધા નહિ હોય અને દારૂડિયાઓનો ત્રાસ યથાવત રહેશે તો અમે અમારા બાળકોને ભણવા નહિ મૂકીએ : વાલીઓ

દારૂડિયા તત્વો શાળામાં લાગેલા સરસ્વતી દેવી તેમજ અન્ય પોસ્ટરોને નગ્ન હાલતમાં ચીતરે છે : મોતના ઓછયા હેઠળ શિક્ષણ મેળવતા ૧૨૦૦ ગરીબ બાળકો તંત્રના પાપે ભણવાનું છોડે તો નવાઈ નહિ

મોડાસામાં ખાખી વર્દીએ ઉડાડ્યા દારૂબંધીના લીરેલીરા

ગુજરાતમાં દારૂબંધીનો કડક કાયદો ફક્ત કાગળિયા પર જ હોય તેમ ખુદ રક્ષક જ ભક્ષક બન્યો હોય તેમ જેને માથે દારૂબંધીની

અમલવારી છે તે ખુદ પોલીસ જ દારૂ ઢીંચી મોડાસાના હાલ નવીન બની રહેલ બસસ્ટેન્ડ સામે શાકભાજીની લારીઓ નજીક લથડિયાં ખાતો અને એક શાકભાજીની લારી પરથી બીજી શાકભાજીની લારી સાથે અથડાતો અને બખડો કરતો જોવા મળતા લોકોએ દારૂ પીધેલી હાલતમાં રહેલા એએસઆઈ કક્ષાના પોલીસનો વિડિઓ લોકોએ ઉતારી લીઈ સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ભારે ઉગ્ર રોષ ફેલાયો હતો. દારૂ પીધેલી હાલતમાં લવારી કરતા પોલીસે જિલ્લા પોલીસ તંત્ર માટે કલંક રૂપ ઘટના બની હતી. દારૂબંધીની અમલવારી કરાવનાર પોલીસ તંત્રનો કર્મચારી જ પોલીસ ખાખી વર્દીમાં ડોલી રહ્યો હતો.

મોડાસાના હાલ નવીન બની રહેલ બસસ્ટેન્ડની સામેની બાજુએ શાકભાજીની લારીઓ વાળા સાથે એક પોલીસ કર્મચારી ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં ટ્રાફિકના કાયદાની અમલવારી માટે બખાડો કરતો જોવા મળતા ખાખી વર્ધીમાં રહેલા પોલીસ કર્મચારીને જોઈને અનેક લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા અને દારૂ પીધેલા અને લથડિયાં ખાતે પોલીસને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. નશાની હાલતમાં ખાખી વર્દીને પણ લજવતાં હોય તેમ રોડ પર શાકભાજીની લારી સાથે અથડાતો હતો. લારીવાલાએ પોલીસ હોવાથી શંભાળવાનો પ્રયત્ન કરતા પીધેલો પોલીસ રુઆબ છાંટવા લાગ્યો હતો. ત્યારે દારૂબંધીના ધજાગરા પોલીસ જ ઉડાવી રહી હોવાનો મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો હતો. રાજ્યસરકારે દારૂબંધીની કડક અમલવારી માટે શખ્ત કાયદા બનાવવામાં આવ્યા છે ત્યારે અમલવારી કરાવનાર પોલીસ કર્મચારીની આ હરકતથી ભારે ચકચાર મચી હતી.

પાલનપુર ખાતે યુ.જી.વી.સી. એલ.ના કર્મીઓ હડતાળ પર

પોતાની પડતર માંગણી ઓને લઈને આજે રાજ્યભરમાં વીજ કંપનીના એન્જિનયર્સ એશોસી એશનએ હડતાલનો માર્ગ અખત્યાર કર્યો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના ઉત્તર ગુજરાત વીજ કંપનીનું એન્જિનિયર્સ એશોસીએશન પણ જોડાયું હતું. બનાસકાંઠા ખાતે યુ.જી વી.સી.એલ.ના એન્જિનિયરો હડતાળ પર ઉતર્યા છે. પાલનપુર ખાતે ધરણાં પર ઉતરેલા એન્જિનિયરોએ સરકાર સામે મોરચો માંડતા ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ જતાવ્યો હતો. સાતમા પગાર પંચ સહિતની પડતર માંગણીઓ સાથે સમગ્ર ગુજરાત ના તમામ જિલ્લા મથકોએ ૧૬૦૦થી વધુ એન્જિનિયર્સ એશોસીએશન હડતાળ પર ઉતર્યા હતા. ત્યારે બનાસકાંઠામાં પણ ૭૦ થી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હોવાનું એન્જિનિયર્સ એશોસીએશનના એ.ડી. એસ. ગિરીશ પટેલએ જણાવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના ૅફ્ઙ્ઝ ના એન્જીનીયર સામૂહિક રજા મૂકી હડતાળ પર ઉતર્યા હતા. ત્યારે એન્જીનીયરની હડતાળના પગલે વીજ વિભાગનું કામકાજ ખોરંભે ચડ્યું હતું. દરમિયાન, માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી એન્જિનિયર્સ એશોસીએશન આપી હતી.

ધાનેરા તાલુકાના સામરવાડા ગામની

આનંદપુરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા દ્વારા બાળકને ઢોર માર માર્યો

ધાનેરા તાલુકાના સામરવાડા ગામની આનંદપુરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા દ્વારા બાળકને ઢોર મારતાં ચકચાર મચી મચી ગઈ છે તો બીજી તરફ બાળકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયું હતું. સામરવાડા ગામની આનંદપુરા પ્રાથમિક શાળામાં ધોરણ-૩માં અભયાસ કરતા જીગર નામના બાળકને શાળામાં ફરજ બજાવતી શિક્ષિકા ગીતાબેન ધ્વરા ઢોર માર મારતા વાલીઓ રોષે ભરાયા છે અને જીગરની

માતા દ્વારા આ શિક્ષિકાને ફોન કરતા શિક્ષિકા લાજવાના બદલે ગાજવા માંડી હતી અને જણાવ્યું હતું કે તારું બાળક મરી તો નથી ગયુંને લાગ્યું હોય તો દવા કરાવી લે પૈસા હું આપી દઈશ. બાળક રડતું રડતું ઘરે ગયું અને તેના પરિવારને જણાવ્યું કે મને માર્યો છે ત્યારે પરિવાર ધ્વરા બાળકના કપડાં ઉતરાવી ચેક કરતા બાળકના શરીર ઉપર સોટી ઉફી આવી હતી ત્યારે બાળક ને તાત્કાલિક સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યું હતું અમારી ટિમ ધ્વરા પણ આ શાળાની મુલાકાત લેતા શાળાના આચાર્ય ગેર અજર જોવા મળ્યા હતા અને તેમને ટેલીફોટિક વાત કરી આ બાબતે પૂછતાં તેમને આ બાબતે પુછાતા જવાબ આપવાનું ટાળ્યું હતું અને કામમાં છું તેમ કહી ફોન મૂકી દીધો હતો ત્યારે જો આમજ શિક્ષકો ધ્વરા બાળકો ઉપર અત્યાચાર ગુજારવામાં આવશે તો ક્યાંક બાળકો અભ્યાસથી વંચિત રહી જાય તો પણ કોઈ નવાઈની વાત નથી કહેવાતી.

પ્રાંતિજના પલ્લાચર ખાતે થયેલ ચોરીમાં હજુ વધારે રકમની ચોરી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં પલ્લાચર ખાતે ચાર દિવસ અગાઉ મકાનમાં ચડીબડીયાન ધારી ટોળકી દ્વારા મકાનમાં પ્રવેશ કરી મકાન માલિક અને તેની પત્ની ઉપર છરો મુકી રોકડા તથા સોનાચાંદીના દાગીના સહિત કુલ- ૫,૮૮,૫૦૦ ની મત્તાની ચોરી થતાં મકાનમાલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી. ફરીયાદમાં એક ડબ્બો પણ ગયો હોવાનું મકાન માલિક દ્વારા પોલીસ ફરીયાદમાં જણાવ્યું હતું. હાલ તો ડબાને લઈને ચોરીમા હજુ વધારે રકમ પ્લસ થાય તેમ કહીએ તો નવાઈ નહી. પ્રાંતિજ પોલીસ માટે પણ પડકાર રૂપ ઘટના બની હોય તેમ કહીએ તો નવાઈ નહી.

પ્રાંતિજના પલ્લાચર ખાતે ચાર દિવસ અગાઉ એક મકાનમાં થયેલ ચોરીને લઈને જીલ્લા પોલિસ વડા સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ચોરોનું પગેરૂં શોધવા પોલીસયંત્રો તથા ડોગસ્કોડની મદત લઈને કડી સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે. મકાન માલિક દ્વારા ફરીયાદમા ડબાનો ઉલ્લેખ કરતાં ચોરી હાલની રકમમાં વધારો થાય તેવું લોકમુખે ચર્ચાઈ રહેલ ચર્ચાઓને લઈને લાગી રહ્યું છે. મકાન માલિક નટુભાઈ પ્રશાભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે ડબો સલાલ ના રહેવાસી મદનલાલ ભવરલાલ શાહનો હોવાનું જાણવાં મલ્યું છે અને તેવો દાગીના ઉપર ધિરાણ તથા લેવડ-દેવડનો ધંધો કરે છે અને તે નટુભાઈ પટેલના મિત્ર છે તો ડબામાં શું હતું તેની તો પોલિસ તપાસમાં જ ખબર પડશે. લોક ચર્ચાઓ મુજબ ડબ્બામાં સોના ચાંદીના દાગીના સહિત રોકડ રકમ હોય તેવું લોકો જણાવી રહ્યાં છે અને ચોરીની રકમ મોટી મોટા આંકડા પાર કરે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે તો પોલિસ દ્વારા પણ ડબ્બામાલિકની પુછપરછ કરી આગળની તપાસ તેજ કરશે તો જોવાનું એ રહ્યું કે શું ખરેખર થયેલ ચોરીનો પ્રાંતિજ પોલીસ ભેદ ઉકેલવા તથા તસ્કરો સુધી પહોંચશે તે તો જોવાનું રહ્યું.

ધાનેરા નજીક ૨૫ વર્ષીય યુવક ટ્રેન નીચે આવી જતા યુવકના બંને પગ કપાયા

ધાનેરા તાલુકાના ડુંગડોલ ગામ નજીક વહેલી સવારે ૨૫ વર્ષીય અશોકભાઈ ઠાકોર નામનો યુવક ટ્રેન નીચે આવી જતા યુવકના બંને પગ કપાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ જારતા ૧૦૮ ની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી યુવક ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડાયો હતો ત્યાં પણ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે આગળ રીફર કર્યો છે તો યુવક ટ્રેન નીચે આવી જતા લોકોમાં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે.

મહેસાણાના સાંથલ ખાતે યાત્રા પશ્ચિમાલાપ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૭

મહેસાણા જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલની ઉપસ્થિતિમાં યાત્રા-પશ્ચિમાલાપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રમત તાલુકાઓને મળી રહ્યો છે. જિલ્લામાં ૧૧ માર્ચ સુધી વિવિધ તાલુકાઓમાં કાર્યક્રમ યોજાનાર છે. વિવિધ રાજ્યોની સંસ્કૃતિને પીછાણવાની તક જિલ્લાને મળી તાલુકાનો ૮ માર્ચના રોજ સુંઢીયા હાઈસ્કુલ સુંઢિયા ખાતે, ખેરાલું અને સતલાસણા તાલુકાનો સંયુક્ત કાર્યક્રમ ૯ માર્ચના રોજ મ્યુનિસિપલ હાઈસ્કુલ ખેરાલુ

ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુર અને જિલ્લા વહીવટીતંત્ર મહેસાણા સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકારો પોતાની કલા રજુ કરી રહ્યા છે. જેનો લાભ મહેસાણા જિલ્લાના વિવિધ છે જે ગૌરવની વાત છે.

જિલ્લામાં પહેલીવાર પશ્ચિમાલાપ યાત્રાના કાર્યક્રમમાં દેશના જુદા જુદા રાજ્યોના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નામાંકિત કલાકારો દ્વારા વિવિધતાભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત કડી તાલુકાના કલ્યાણપુરાથી કરવામાં આવી હતી.

વિસનગર તાલુકાનો ૭ માર્ચના રોજ વિ.એન. પટેલ હાઈસ્કૂલ ઉમતા ખાતે, વડનગર ખાતે, વિજાપુર તાલુકાનો ૧૦ માર્ચના રોજ ખરોડ હાઈસ્કુલ ખરોડ ખાતે, અને ઉંઝા તાલુકાનો ૧૧ માર્ચના રોજ ટુંડાવ ખાતે કાર્યક્રમ રાત્રીના ૮ કલાકથી ૧૦ કલાક સુધી યોજાવાનો છે.

સાંથલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૬૪ વિવિધ રાજ્યનો નામાંકિત કલાકારો દ્વારા રાજ્યની સંસ્કૃતિની રજુ કરી હતી. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ, હરીયાણાના રાજ્યોના કલાકારો દ્વારા વિવિધ લોકનૃત્યો રજુ કરાયા હતા.

મોડાસામાં તંત્રની રહેમ નજર હેઠળ મોતની સવારી

મોડાસા, તા. ૭

ગતિશીલ ગુજરાતમાં મોતની સવારીથી અસંખ્ય નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા હોવા છતાં રાજ્ય સરકાર અને જવાબદાર તંત્રની આંખો ખુલતી નથી. અરવલ્લી જીલ્લામાં કાયદાની ઐસી તૈસી કરી ખાનગી ટ્રાવેલ્સ વાળા અને જીપો સહીત શટલીયા વાળાઓ તેમના વાહનોમાં ખીચો ખીચ મુસાફરોને ભરી રૂપિયા કમાવાની લ્હાયમાં જીલ્લાના માર્ગો પરથી ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે અને બેફામપણે ભાડામાં પણ લૂંટ ચલાવી મુસાફરોને લૂંટી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો પરથી પસાર થતા ખાનગી લકઝરી બસ ચાલકો ખીચો ખીચ મુસાફરો ભરવાની સાથે ટ્રાફિકના નિયમોને ઘોળીને પી જઈ બસના છાપરા ઉપર પણ મુસાફરો બેસાડી બિન્દાસ્ત જીલ્લા એઆરટીઓ કચેરી અને જીલ્લા કલેક્ટરની નાક નીચેથી બેફામ પસાર થઈ રહ્યા છે. જીલ્લા હાઈવે ટ્રાફિક પોલીસ પણ જીલ્લાના વિવિધ માર્ગો પર તપાસના નામે હપ્તા ઉઘરાવામાં મશગુલ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. જીલ્લાના માર્ગો પરથી પસાર થતા લકઝરી બસ, ખાનગી જીપો અને શટલિયાઓવાળા વાહનની અંદર આજુબાજુ અને ઉપર ચારેકોર મુસાફરો ચિક્કાર ભરી મુસાફરોની મજબુરીનો ફાયદો ઉઠાવી મુસાફરોના જીવ જોખમમાં મૂકી બેફામ વાહનો હંકારી રહ્યા છે. રાજ્ય સરકાર હજુ પણ પ્રજાજનો માટે એસટી બસની પૂરતી સુવિધા ઉપલબ્દ્ધ કરાવી શકી નથી. લોકોના પૈસે લકઝુરિયસ એરકંડીશન્ડ કારમાં ફરતા પ્રધાનો અને અધિકારીઓ ક્યારે પ્રજાજનોની પ્રાથમિક સુવિધાઓ માટે સજાગ બની લોકોને મોતની સવારી કરવાથી છુટકારો મળશ..?